

[illegible], [illegible], [illegible] અને

[illegible] આદી [illegible] વગેરે

પુસ્તકો બનાવનાર

[illegible] [illegible] [illegible] પાઠ

મુંબઈ.



[illegible] [illegible] [illegible] [illegible] કરાવી

આ પુસ્તકના [illegible] [illegible] [illegible] [illegible]

પરીક્ષાર્થીઓને તે [illegible] સ્વાધીન

[illegible].

ઈ. સ. ૧૯૦૭ [illegible]

ધી [illegible] [illegible] પ્રેસમાં

[illegible] [illegible]

છાપ્યું છે.

કિંમત રૂ. [illegible]




ઘરાકોના સગવડ માટે ખાસ
સૂચના

એમ. એચ. મેહેરઅલીના પુસ્તકોમાં

પુસ્તકો વેચનાર નાના મોટા દુકાનદાર તેમજ ફેરીઆઓને પુરતું કમીશન મલે છે જેથી **એમ. એચ. મેહેરઅલી**ના પુસ્તકો દરેક બુકસેલર પાસેથી મલે છે—ઉપરાંત કોઈ પણ પુસ્તક માટે નીચેના સરનામે પોષ્ટ કાર્ડ લખેથી મુંબઈમાં તથા હીંદુસ્તાનમાં વી. પી. પોષ્ટ મારફતે અને હીંદુસ્તાનના પોષ્ટ મથકોથી બહારના દેશાવરોના ઘરાકોને નાણાં અગાઉથી મલે જોઈતા પુસ્તકો મોકલવામાં આવે છે.

સરનામું—

અલાદીન એમ. એચ. મેહેરઅલી

પુસ્તકો વેચનાર અને જોઇતી ચીજો કીફાયતે મોકલનાર

ડુંગરી બજાર—ભીમપુરા પાસે

મુંબઈ.





લોકપ્રિય ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો—આવૃત્તિ સાતમી.

પ્રીત વીશે ખ્યાલ—મારી જાનનો.

તમો પ્રીત કરો તો કરજો જુગમાં એવી
મારી જાન—કરીને પ્રીત આપજો પ્રાણ
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૧

એક (બે) દોસ્તદારની સમજો હકીકત વાલા
મારી જાન—જરા સમજોની મારા સરદાર
એક છોકરો રજપુતનો એક સાહુકારનો ઘણો હુશીયાર.
બંધેની દોસ્તી હતી ઘણી બહુ ભારી
મારી જાન—એકપર એકનો હતો બહુ પ્યાર
બંધેની દોસ્તીમાં ફરક નહીં હતો જરા દીલદાર.
ઝુલ—બંધેની વાતો ઘરમાં કોઇ નહીં જાને
ના ખબર નારને નાતો માત પીતાને
મારી જાન—હતા બેઉ છેલ છબીલા જવાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૨

સાહુકારનો છોકરો રજપુતને કહેવા લાગો
મારીજાન—શેહેરમાં ચાલો ફરવા જઇએ
આજ ખુશી છે એવી કસુંબા પાણી કરી લઇએ.
સામાન કસુંબા પાણીનો મંગાવો
મારી જાન—પીને મતવાલા હવે થઇએ
ઘોડે બેસી ચાલો વાત દુઃખ સુખની કહીએ.
ઝુલ—જે વખત બંધેની ફરવા નીકળી સવારી
પોશાક બદનપર પેરી જરીની જરતારી
ભપકો કીધો બેઉ દોસ્તદારોએ ભારી
મારી જાન—જોઇને થયા સરવે હેરાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૩

ફરતા ફરતા એક ગલી બાકી રહી વાલા
મારી જાન-હતું જહાં રજપુતનું ઘરબાર
તેજ ગલીમાં ફરવાને આવ્યા મારા સરકાર.
રજપુતની હવેલી સાત માલની ઉંચી
મારી જાન-સાહુકારની નજર જાં પોંચી યાર
પવનથી પડદો ઉડી ગયો ને નજરે આવી નાર.
ઝુલ—રજપુતની નાર બેઠી શીંગાર કરીને
સાહુકારના છોકરે જોઇ નજર ભરીને
બેહોંસ થઇને કીધો યાદ હરીને
મારી જાન—જોઇને ઘણો થયો હેરાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૪

રજપુતની નારને જોઇ થયો દીવાનો
મારી જાન-જોઇને થયો ઘણો ઉદાસ
રજપુત કેવા લાગો વાલા થયા છો કેમ નીરાસ.
શું તકસીર હમારી થઈ તે બતલાવો
મારી જાન-આવીને કરોની પાસે વાત
દીલમાં જુદાઇ રાખો છો તે નથી લાગતું ખાસ
ઝુલ—સાહુકારે દીલની વાત કહી સંભલાવી
પેલી સાત માલપર નાર નજરમાં આવી
એક પલક આંખની મારીને સુધ ભુલાવી
મારી જાન-એના ઉપર આપીશ મારો જાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૫

રજપુત દીલમાં લાગો સોચ કરવાને
મારી જાન—દોસ્તએ મારયું ઘેર મારં
બારીએ બેસીને રાંડએ કીધું નઠારં.
રજપુતે પછી સાહુકારને દીલાસો દીધો
મારી જાન—મેં મહેનત લઇશ હું તારા સારૂ
જાન પણ મારો જાશે તોપણ કરીશ કામ તારૂં.
ઝુલ—તમે ફીકર ના કરો એ મારા પીયારા
હું કરીશ તમારૂં કામ અય દોસ્ત હમારા
હું ઘેર જાઉં છું જાઓ ઘેર તમારા

મારી જાન—વચન આપીને ચાલ્યા જુવાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૬

રજપુત પછી ઘેર આવીને બેઠો
મારી જાન—ઉદાસી જોઇને કહે છે નાર
તમપર ઉદાસી શાની આવી છે કહોની મારા ભરથાર.
નાહી ધોઇને ચાલો બેસો જમવાને
મારી જાન—રસોઇ કીધી સરવે તઇયાર
હલીમલીને જમો ઉદાસી કાડોની દીલની બહાર.

ઝુલ—રજપુત કહે છે આ બળ્યું તારૂં ખાવાનું
શું કરૂં ગરમ પાણી ને બળ્યુ નહાવાનુ
દોસ્તદારને વચન આપ્યું છે કેમ થાવાનું
મારી જાન—જો એમાં શું કરે છે હવે ભગવાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૭

રજપુતની નાર રજપુતને કહેવા લાગી
મારી જાન—મુસીબત શું તમપર આવી
દીલનો હાલ સરવે પુછયો પાસ રજપુતને બોલાવી.
જે વાતો હતી સાહુકારની દીલમાં તેના
મારી જાન—બની હકીકત સરવે સંભલાવી
સરવે વાતો સાહુકારની નારને કહીને સંભલાવી.

ઝુલ—આ વાત સમજીને કહેવા લાગી નારી
તમો જાઓ લાઓ દોસ્તદારને કરો તઇયારી
આ હુકમમાં હાજર રહીશ તમારી પ્યારી
મારી જાન—એનો હું કરીશ પુરો અરમાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૮

રજપુત ખુશી થઇ નીકળ્યો ઘેરની બાહેર
મારી જાન—આવીને મળ્યો તેજ મુકામ
સાહુકારના છોકરાને પછી કીધી નમી સલામ.
હું વચન નારનું જઇ લઇને યહાં આવ્યો છું
મારી જાન—કરીને આવ્યો છું પુરૂં કામ
આજની રાતે ફુલોની સેજપર કરજો તમો આરામ.

ઝુલ—તે નારને મારી વાત કહી ના કહેજો
તમો હલી મલીને રંગ રસ લુટી લેજો
અને પ્યાર મોહબ્બત કરી મગનમાં રેજો

મારી જાન—આપશે તમને ઘણો તે માન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૯

રજપુત પછી સાવકારને તેડી લાવ્યો
મારી જાન—આવ્યા બધે દીલ જાની
નાર કરી શીંગાર બની જેવી મોહેના રાની.
ઘરની દાસીપર હુકમ નારીએ કીધો
મારી જાન—કરો જમવાની તઇયારી
જમી કરીને ઉઠયા નારીએ સાહુકારને પાયું પાની.

ઝુલ—પાણી પીને ઘબરાયો ઘણો બહુ વાલો
પછી કહયું નારીએ સેજ પલંગપર ચાલો
કેમ થયા દીવાના જરા તો હોંસ સંભાલો

મારી જાન—અત્યારથી બન્યા છો કેમ નાદાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૧૦

રજપુત અને દાસી નીચે આવીને બેઠા
મારી જાન—કે સાહુકાર કરે છે ઉપર વાત
હલી મલીને ચાલ્યા પલંગપર નાખી ગલામાં હાથ.
વાતો કરતાં બંધને ઉંઘ આવી ગઇ
મારી જાન—ઉંઘમાં ગુજરી અરધી રાત
જાગી ઉઠયો સાહુકારનો છોકરો તેને લાગ્યો ઉતપાત.

ઝુલ—ઘભરાઇને ઉઠયો અને દીલમાં બહુ બીધો
મારો દોસ્ત નીચે ઉભો છે દગો હુંએ કીધો
ઉંઘાઇ ગયો કંઇ એશ ના હુંએ કીધો

મારી જાન—પુરો ના થયો દીલનો અરમાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૧૧

એવો વીચાર તે બેસીને પલંગપર કીધો
મારી જાન—પછી ઉતરીને નીચે વાર
ચારે તરફ ઓરડામાં ફરવા લાગ્યો તે દીલદાર.
સહુ ઉંચે નીચે નજર કરીને જુએ છે
મારી જાન—જુએ માંડેલો સહુ ઘરનો સંસાર
એક ખુટીએ લટકેલી રજપુતની ઢાલ તલવાર.

ઝુલ—તલવારપર રજપુતનું નામ લખેલું જાણી
તે નામ વાંચીને એને ઘણી થઇ હેરાની
સાહુકાર કહે છે કીધી હુંએ નાદાની
મારી જાન—સમજોની ધરીને કાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૧૨

તે નામ વાંચી સાહુકાર ઘણો ઘભરાયો
મારી જાન—કહે છે દીલમાં દીલજાની
આ તો દોસ્તનું ઘેર મારા અને આ એની રાની.
મારા દોસ્તને મોઢું કેમ કરી દેખાડું
મારી જાન—ધુલ છે મારી જીંદગાની
મારી ગલાપર ખંજર હાથથી મરી ગયો જાની.
ઝુલ—એક ઘડી પછી નાર પલંગપર જાગી
સાહુકારને મરેલો જોઇ રડવા લાગી
આવી મોજમજામાં ગમની કટારી લાગી
મારી જાન—કામ શું કીધું તુંએ નાદાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૧૩

સાહુકારનું માથું ખોલામાં મુકી રડે છે
મારી જાન—મજા દુનીઆની ના કંઇ ચાખી
તું તો જાનથી ગયો એકલી મને રાખી.
મારા ધણીને જઇને જવાબ હું શું આલું
મારી જાન—દુઃખમાં મને તુંએ નાખી
તારો મારો ફજેતો હવે દુનીઆ જોશે આખી.
ઝુલ—એમ કહીને નારીએ મારી ગલે કટારી
તે વખત પ્રાણ છોડીને મરી ગઇ પ્યારી
આ દુનીઆમાં કોઇ એવી થશે નહીં નારી
મારી જાન—જરા સમજોની મારા દીલજાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખો ચીત ને ધ્યાન.

ચોક—૧૪

રજપુત નીચે દાસીને કહેવા લાગો
મારી જાન—દોસ્તને કેમ લાગી બહુ વાર
ઉંઘાઇ ગયો હોય તો તું જઇને વેલી જગાડ.
આ વાત સમજીને દાસી ઉપર આવી
મારી જાન—જુવે ખોલીને બધે કમાડ
જાને જણા મરા પડ્યા ખાઇ ગલે કટાર.

ઝુલ—ઘભરાઇને દાસી કહે હવે કેમ થાશે
શું જવાબ આપું જઇ રજપુતની પાસે
હું પણ મરૂં છોડું દુનીઆની આશે
મારી જાન—કટારી ખાઇને આપ્યો પ્રાણ
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૧૫

એમ કરતાં ચાર સવાર પડી ગઇ
મારી જાન—ઉદાસી રજપુતને આવી ચાર
ભગવત જાણે શું થયું દોસ્તને કેમ લાગી બહુ વાર.
દાસીને ખબર લેવાને મોકલી ઉપર
મારી જાન—ખબર દાસી પણ નહીં લાવી ચાર
દાસી પણ તેની થઇ ગઇ રાંડપર પડજો હવે ફીટકાર.
ઝુલ—આખરે થાકીને રજપુત ઉપર આવ્યો
ત્રણુંડેને મરેલા જોઇ ઘણો ઘભરાયો
ગમગીન થઇને આંખમાં આંસુ લાયો
મારી જાન—પુરો નહીં થયો કોઇનો અરમાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૧૬

રજપુત ઓરડામાં બેસી ઘણો રડે છે
મારી જાન—દરદ રજપુતને થયું ભારી
દોસતને ખાતર ખોઇ બેઠો ઘરબાર અને નારી.
રજપુત કહે છે કંઇ મજા નથી જીવવામાં
મારી જાન—હાથમાં લઇને તે કટારી
તે પણ જાનથી ગયો કટારી પોતાના ગલે મારી.
ઝુલ—આ દુનીઆમાં એવો દોસ્ત કોઇ નહીં થાશે
જો ઘણી દોસ્તી કરશો તો ઇજત જાશે
ધન માલ તમારો હશે તો લુટી ખાશે
મારી જાન—જરા સમજોની બીજું બયાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

ચોક—૧૭

આ રેની હકીકત તમને ખોલી સંભળાઉં
મારી જાન—સાંભલો સાચું મારૂં ફરમાન
નાર ૭.નો દુનીઆમાં જરા સમજોની ચેવલી પાન.

અને ચુનો થયો રજપુત ધણી છે તેનો
મારી જાન—કાથો સાહુકારનો છોકરો દીલજાન
દાસી થઇ સોપારી હવે તું સત કરીને માન
ગુલ-અબ્દુલહુસેનના ખીઆલ સદા રંગીલા
બમનજીના ચંગપર નીશાન લીલા પીલા
દુશમનની છાતીપર ઠોકી દીધા છે ખીલા
મારી જાન—ખીઆલ કોઇ ગાજે એવો ઇનસાન
મોહબ્બત કરો તો કરજો એવી રાખી ચીત ને ધ્યાન.

—:o:—

લાવણી ચાર સાહેલીની.

કીધો સરવે શણુગાર પાણી ભરવાને નીકળી ચાર જણી,
પાણી ભરી વેળાસર જઇએ ઘરમાં વાટ જોતા હશે ધણી.

ચોક—૧

પેલી સુંદર પાણી ભરીને કુવાપર બેઠી નાવા,
છેલછબીલો આવ્યો જોઇને લાગ્યો તેને સમજાવા.
નાજુક પુતલી રૂપે રૂપાલી જોઇને લાગ્યો અજબ થાવા,
ચોલીના બંદ ખુલ્લા જોઇને મનમાં લાગ્યો પસ્તાવા.
લાગી કટારી એના કલેજે જેવી લાગી બરછીની અણી,
પાણી ભરી વેળાસર જઇએ ઘરમાં વાટ જોતા હશે ધણી.

ચોક—૨

છેલછબીલે પાણી પીધું ત્યારે થયો છે ઇશક ગરમ,
છેડો પકડી લાગ્યો કહેવા મારી સાથ ચાલ થઇ જા નરમ.
બીજી સુંદર કહેવા લાગી મુવા નથી કાંઈ તુને શરમ,
પાણીના બહાનેથી તું આવ્યો છે કરવાને ભુંડા કરમ.
જાવા દેની કુવાપરથી હવે થઇ છે વાર ઘણી,
પાણી ભરી વેળાસર જઇએ ઘરમાં વાટ જોતા હશે ધણી.

ચોક—૩

કેમ મને રોકીને ઉભો છે અરે મારા દીલબર જાની,
મુકી દેની મારો છેડો કદી ના આવું ભરવા પાણી.
છેલછબીલો કહેવા લાગ્યો સાંભળ મારી સુંદર રાણી,
મુકી દેવાનો તુને નથી હું ઘેર ચાલ મારી જાની.
ઘેર લઇ જાવાને લાગ્યો એવી વાત આવીને બની,
પાણી ભરી વેળાસર જઇએ ઘરમાં વાટ જોતા હશે ધણી.

ચોક—૪

છેલછબીલો યારે સુંદર લઇ ગયો સમજાવીને,
કંશક કેટલી સાથે કીધો કહી દે ખ્યાલ બનાવીને.
ચાર જણીમાં કોરી કોણ રહી છે અમર મનાવીને,
અબ્દુલહુસેન એમ કહે સભામાં હાજર જવાબ દે લાવીને.
પાન ખાઇને મોં લાલ કીધું કરવા લાગો તું ફનાફની,
પાણી ભરી વેળાસર જઇએ ઘરમાં વાટ જોતા હશે ધણી.

—:૦:—

લાવણી ગુજરાતી.

મોં [illegible] ચાલ્યા જાઓ છો નથી લાગતું તમને ખાસ,
ભારી પડ્યું હમારૂં બોલવું તેથી તમે થઇ ગયા ઉદાસ.

ચોક—૧

હાથમાં તમારા ભરેલો આપશું બનાવીને એક ગુલાબનો ગોટો,
ખોળામાં લઇને તમે રમાડજો મોઢેથી કેહેજો નાનો મોટો.
તૈયાર કરીને આપે હાથમાં તમને કેમ લાગે ખોટો,
હમારો ગોટો ન જોઈએ તો બીજાનો લઇલો પડયો શું ટોટો.
તમારી મારી બહુ દીવસની દોસ્તી તમે ના રહેજો નીરાસ,
ભારી પડયું હમારૂં બોલવું તેથી તમે થઇ ગયા ઉદાસ.

ચોક—૨

શકરીઆં બાફેલાં છે તમને ખવરાવીશું પેટ ભરીને,
નાખશું તમારી કમરની અંદર કમર પટો એક સારો કરીને.
ચંપી તમારી કરશું પ્યારા કરાવજો તમે ઊંધા પડીને,
ઠીક ચંપી ના થાય તો કહેજો કરશું તમારા ઉપર ચડીને.
શહેરનું પસંદ ના આવ્યું તમને ત્યારે તમે લીધો વનવાસ,
ભારી પડયું હમારૂં બોલવું તેથી તમે થઇ ગયા ઉદાસ.

ચોક—૩

ઘણી કરાવી હવે ના કરાવજો જગતમાં રૂશવાઈ પ્યારા,
મોંમાં લઇને દોડો છો ગુણ શાવલ માં એવા શુભ ઇશારા.
કરવા દીઓની પંખો હમને કરશું હમે છે ગરીબ બીચારા,
ફરી કરીને કેટલું કરશું દુખી જશે ફરી હાથ હમારા.
ક્યારે બગલમાં આવશે હમારા હમને તો દીલમાં લાગી આસ,
ભારી પડયું હમારૂં બોલવું તેથી તમે થઇ ગયા ઉદાસ.

ચોક—૪

હાથમાં લઇને હોડો લાકડી ને દીલમાં રાખો છો ગુમાન
એ ગુમાન નહીં રહેશે તમારો કોઇ દીન નીકળી જશે પ્રાન.
અમરદાસનું કહેવું સારૂં ભલું કરજો સરવેનું ભગવાન,
જે કોઇ દુશમન હોય હમારો તેને તમે કરજો ગુલમાન.
અબદુલહુસેને ખયાલની તારીફ કરી નાખી છે સત્યાનાસ,
ભારી પડયું હમારૂં બોલવું તેથી તમે થઇ ગયા ઉદાસ.

—:o:—

ખ્યાલ—મારી જાનનો.

મા દુખની કહાની કહેવાને આવી છું
મારી જાન—કાન ધરી સાંભલોની મારી વાત,
મારો ધણી છે ભુંડો કોઇ દીન કરશે મારાપર ઘાત.

ચોક—૧

મા હુંતો સાસરે કદી નથી જાવાની
મારી જાન—મુવો જુલમ કરે છે ઘણો ભારી,
મુવો મને લાવીને પેરાવે ફાટી તુટી સાડી.
મુવાનો જુલમ કયાં લગી ખમીએ
મારી જાન—હવે હુંતો એનાથી હારી,
ચોલી મુવો ફાડે છે રાતના કરે છે બહુ મારી ખુવારી.
જુલ—મા બોલી રાંડ તારાં ભુંડા લક્ષણ છે,
માટીડા બખરી કરે તે શું કારણ છે.
મારી જાન—ચાલી જા તારા ધણીની સાથ,
મારો ધણી છે ભુંડો કોઇ દીન કરશે મારાપર ઘાત.

ચોક—૨

ના નારે માયજી હુંતો નથી જાવાની,
મારી જાન—સાસુ મને ગાળો આપે છે
ધણીને દુરથી જોઉંતો મારૂં તનમન કાંપે છે.
મુવા દેવરને જોવો નથી ગમતો
મારી જાન—જેઠ બહુ દમથી હાંરે છે,
મારો ધણી છે નાગો એબ ના મારો ઢાંકે છે.
જુલ—મા નવો યાર એક જોઇતો હું કરવાની
તું નહીં કરવા દે તો કુવે જઇ પડવાની

મારી જાન—મુવો મને મારે છે મુક્કી લાત
મારો ધણી છે ભુંડો કોઇ દીન કરશે મારાપર ઘાત.

ચોક—૩

મા બોલી રાંડ તું જાની સાસરે તારે
મારી જાન— મા હું તો કખુ નથી જાવાની
તું ખી રોટલો નહીં આપે તો તારે ઘેર ના ખાવાની.
મને નવો યાર એક સારો જોઇ કરવા દે
મારી જાન—એને હું ઘેરમાં લાવવાની
મ્હોડેથી મીઠી વાતો કહીને દીલને સમજાવાની.
ઝુલ--મા હસી ખુશીથી હવે મને જાવા દે
તું નવા યારને મને લાવવા દે
મારી જાન--કરીશ સારો કોઇ મેં સંગાત
મારો ધણી છે ભુંડો કોઇ દીન કરશે મારાપર ઘાત.

ચોક—૪

એટલું કહીને સીનગાર બદનપર કીધો
મારી જાન—ઢુંઢવા ચાલી નવો તે યાર
દીલમાં કહેતા લાગી મલજો મને એવો કરે કોઇ પ્યાર.
એટલામાં અબદુલહુસેન નજરમાં આવ્યો
મારી જાન—કીધો વળી તેને ગલાનો હાર
આવો મારે ઘર રાખજો મારો તમે સહુ સંસાર.
ઝુલ--મા હસી ખુશીથી હવે હું તો આવી છું
એક નવા યારને ઘેર મારા લાવી છું
મારી જાન—જમાલુદીનનો પકડયો હાથ
મારો ધણી છે ભુંડો કોઇ દીન કરશે મારાપર ઘાત.

——:o:——

લાવણી-રંગત ખડી.

કીધો સરવે સણગાર બદનપર પોશાક જરની પેરી છે ખાસી,
આવોને વાલા હસીને બોલો દીલમાં જરા ન રાખો ઉદાસી.

ચોક—૧

માથું તમારૂં ગુમબજ જેવું બાલ તમારા કાળા નાગ,
કપાળ તમારૂં આરસી જેવું જોઇને દીલમાં લાગી આગ.
ભવર તમારાં કમાન જેવાં નથી લાગતો કોઇનો થાગ,
આંખમાંથી આંસુ ટપકે તો બની ગયો મોતીનો બાગ.

કયા ગામથી આવ્યા છો પ્યારા ને છો તમે કહાંના રહેવાસી,
આવોને વાલા હસીને બોલો દીલમાં જરા ન રાખો ઉદાસી.

ચોક—૨

નાક તમારૂં ચંપા જેવું જેમ ચંપાની કલી રાજન,
ગાલ તમારા ગોરા ગોરા હું જોઇને થયો મગન.
જીભ તમારી શાકર જેવી તેથી નીકળે મીઠાં વચન,
દાંત છે દાડમનાં દાણા ઝળકી રહયા છે લાલ રતન.
હાથના ઉપર લાલી પાનની પાન ખાઇ તમે ના જાજો નહાસી,
આવોને વાલા હસીને બોલો દીલમાં જરા ન રાખો ઉદાસી.

ચોક—૩

ગળું તમારૂં કોયલ જેવું પેરયો ગલામાં નવસર હાર
હાથ તો છે મેંદીથી ભરેલા જોઇને દીલમાં કીધો વીચાર.
જોબન તમારૂં લીંબુ જેવું જરા તો કરવા દેની પ્યાર,
કમ્મર તમારી ચીત્તા જેવી હવે તો શું રહી છે તકરાર.
આટલો બધો સનગાર કરીને કયારે જશો તમેં તીરપરકાસી,
આવોને વાલા હસીને બોલો દીલમા જરા ન રાખો ઉદાસી.

ચોક—૪

કુલા તમારા કલીંગર જેવા જોવામાં આવે લાલમ લાલ,
અંગ કેલાના ઝાડના જેવી હવે લુટાવી દઉં ધન માલ.
પગના અંગુઠા જોયા પ્યારીના સાહેબે એશું કીધો કમાલ,
અમરદાસ એમ કહેછે સભામાં કરજો એવો લાલ.
અબદુલહુસેન એમ કહે છે સભામાં હમે તો છે સુરતના રહેવાસી,
આવોને વાલા હસીને બોલો દીલમાં જરા ન રાખો ઉદાસી.

—:o:—

મારી જાન—સાત સાહેલી.

સાતો સઇઅરે મલી મનસુબો કીધો
મારી જાન—જાઇએ પનઘટના ઘાટ
સાતો સઇઅર મલી કરે છે દુખ સુખની વાત.

ચોક—૧

૧—આ પહેલી સુંદર સરવેને કહેવા લાગી
મારી જાન—કરેછે જુલમ ઘણો ભારી
મારો મરદ પીને આવે છે પીદામાં તાડી.

મમતાન થઇને સરવેને ગાળો દે છે
મારી જાન—કરે છે બહુ મારી ખુવારી
આવાના કાં પાળે પડી ફુટી કીસમત મારી.
ઝુલ-મારા સાસરીઆમાં નથી મને રહેવાતું
સુત્રા પીટ્યાને ભુંડું નથી મને કહેવાતું
મારી જાન—રાતના મારે છે લાત,
સાતો સઇયર મલી કરે છે દુખ સુખની વાત.

ચોક—૨

૨-આ બીજી સુંદર કહેછે સાંભળો બેની
મારી જાન—મરદ છે મારો બહુ નાનો
દારૂ પી આવીને મુવો થાય છે દીવાનો.
લોકો શીખામણુ દઇને સમજાવે છે
મારી જાન—વાત માને કોઇની શાનો
અસમગત થઇને ફરેછે જેવો હાથી મસ્તાનો.
ઝુલ.-જે વખત નીશા ઉતરે તો ઘેર આવે છે
મારી સામે હાથ જોડીને સમજાવે છે
મારી જાન—છાકટો થયો આજની રાત,
સાતો સઇયર મલી કરે છે દુખ સુખની વાત.

ચોક-૩

૩ આ ત્રીજી સુંદર કહે છે સાંભળો સજની
મારી જાન—પીએ છે ભાંગોના લોટા
એવાને શું કરૂં મુવાના લક્ષણુ છે ખોટા.
જે વખત મલીને સરવે ભાંગ ઘુંટે છે
મારી જાન—હાથમાં લઇ કુંડી સોટા,
ભાંગમાં નાખી દુધ પીએ છે કઇ નાના મોટા.
ઝુલ-સઘળા લક્ષણુથી પુરો છે ધણી મારો
એવા લક્ષણુથી નથી લાગતો પ્યારો
મારી જાન—મુવાના ખોટા સંગાત
સાતે સઇયર મલી કરે છે દુખ સુખની વાત.

ચોક—૪

૪-આ ચોથી સુંદર સરવેને કહેવા લાગી
મારી જાન—જુગારી મુવો મરદ મારો
સાંજ સવાર રમવાને જાયછે એવો નઠારો.

જે વખત રમીને ઘેર આગળ આવે છે
મારી જાન—લાગતો નથી મને સારો
મુવાને પુછું છું આજ શું જીત્યો ને હારયો.
ઝુલ—ત્યારે કહેવા લાગો થયો જુલમ બહુ ભારી
મેંતો ગળાની કંઠી મુકી છે ગીરવી મારી
મારી જાન—એવી શરપરમ બાના માટે,
સાતો સહીઅર મલી કરે છે દુખ સુખની વાતે.

ચોક—૫

૫—આ પાંચમી સુંદર રડીને કહેવા લાગી
મારી જાન—જાયછે મારી ભર જુવાની
મારો મરદ છે એંસી વરસનો હું બાળક નાની.
સાહેબે મને કાં એવું કજોડું દીધું
મારી જાન—કહું છું મારા કરમની કહાંની
હાથ પકડીને તાણું તો કહે છે દુખ દે છે શાની.
ઝુલ—દુનીઆમાં રહયું શું હવે જીવવાનું
કંઇ નથી ભાવતું મને ખાવા પીવાનું
મારી જાન—જાઊં કોઇ ફકીરની સાતે,
સાતો સહીઅર મલી કરે છે દુખ સુખની વાતે.

ચોક—૬

૬—આ છઠી સુંદર હસીને કહેવા લાગી
મારી જાન—મરદ મારો મળે છે આવીને
બજારનો મેવો મને ખવરાવે છે તે લાવીને.
મોઢેથી મીઠી મીઠી વાતો કહે છે
મારી જાન—ખુશ થઇ મને મનાવીને
ગાલોની ચુંબી લે બગલમાં મને દબાવીને.
ઝુલ—આવી ખુશીથી બીજી ખુશી શું ભારી
મેં મારા મરદની ઉપર જાઉં વારી
મારી જાન—કરો કોઇ એવા સંગાતે,
સાતો સઇઅર મલી કરે છે દુખ સુખની વાતે.

ચોક—૭

૭—આ સાતમી સુંદર સહેલી બીજી કહે છે
મારી જાન—ખીઆલ તુ ગાજે સદા એવા
અમરદાસ ઉસતાદ કરે છે સાહેબની સેવા.

સાતો સઇઅરની કહાની કહી સંભળાવી
મારી જાન—ખીઆલ મનતુના મોતી જેવા
સાંભળી મારા ખીઆલ તોકન તું લાગો ચોરી લેવા.
ગુલ—અબદુલહુસેનથી શું ગાનું ગાવાનો
મનસુબો કીધો અહીંથી નાસી જાવાનો
મારી જાન—મુવાના ખોટા સંગાતે,
સાતો સઇઅર મળી કરે છે દુખ સુખની વાતે.

—————:O:—————

ખયાલ બહેરે તવીલ.

મુને બાગો ચમનસે વો લેકે ચલા, મુજે ભાતી હય કોઇ હવાઇ નહી
મેરે સીનેમેં જખમ લગે હય કઇ, મીલતી હય ઉસકી તો દવાઇ નહીં.

ચોક—૧

મેં તો મુલકે અદમકો તો જાને લગા, મુજે દેતા હય દીલબર રજાઇ નહીં.
ઉસકે હીજરમેં મારા પડા હું મીઆં, મેરી આતી હય અબતક કજાઇ નહીં.
જોકે વાર લગા હય જીગરપે મેરે, એસા વાર કોઇ તો લગાઇ નહીં
મેરા ધ્યાન સનમસે લગા હય મીઆં, મુજે દુનીયાકી ભાતી મજાઇ નહીં.
જોકે આનો અદા હય સનમકી મેરે, એસી કીસકી આનો અદાઇ નહીં
મેરે સીનેમેં જખમ લગે હય કઇ, મીલતી હય ઉસકી તો દવાઇ નહીં.

ચોક—૨

તુંતો શાહે જહાં તુજે દેખું કહાં, તેરા મીલતા હય મુજકો પતાઇ નહીં
જરા દીદ તો તેરા દીખાદે મુજે, બીન તેરેતો મુજકો સફાઇ નહીં.
તુને તેગે નીધાસે જો મારા જીસે, વો તો આશક હરગીજ બચાઇ નહીં
જોકે દાગ જીગરપે રહા હય મેરે, એસા દાગ કોઇતો રહાઇ નહીં.
મએંને રનજો અલમકુ સુહા હય તેરે, એસા રનજ કોઇતો સહાઇ નહીં
મેરે સીનેમેં જખમ લગે હય કઇ, મીલતી હય ઉસકી તો દવાઇ નહીં.

ચોક—૩

જરા આકે ગલેસે લગાદે મુજે, મેંને તેરી કરી કુછ ખતાઇ નહી
તેરે કુચેમેં કદમ રખા હય મીઆં, મેરા કદમતો પીછે હટાઇ નહી.
દીન રેન મુજે અબ ચેન કહાં, બીન તેરેતો આતી ઘટાઇ નહી
મેરે માહેલકા તુજે પાઉં કહા, મુજે દેતા હય કોઇ બતાઇ નહી.
મેરા હાલ મેં કીસકું સુનાઉં સનમ, બીન તેરેતો મેરા ગવાઇ નહીં
મેરે સીનેમેં જખમ લગે હય કઇ, મીલતી હય ઉસકી તો દવાઇ નહીં.

ચોક—૪

કહે દાસ અમર ઓ મેરા સનમ, મેંતો હરગીજ તુજસે ખફાઇ નહીં
અરે રાજી ખુશીસે બુલાલે મુજે, મેં તો કરતાહું જોરે જફાઇ નહીં.
અપના ગાનેકા તુમ મોકુફ કરો, આગે ગાનેમેં તુમકો નફાઇ નહીં
યેહ હુસેનકે છંદ સદા હય નએ, મેરે છનદપે કીસને કહાઇ નહીં
તીશને લબકોતો જીસને શહીદ કીએ, એસી કોઇતો કોમો દગાઈ નહીં
મેરે સીનેમેં જખમ લગે હય કઈ, મીલતી હય ઉસ્કી તો દવાઇ નહીં.

—:o:—

ખ્યાલ બહેરે તવીલ.

તીશને લબકોતો પાની મીલાઇ નહીં, સુકા પ્યાસા હય યારો શાહેકા ગલા
કરબલાકી ઝમીપે વો ઇબને અલી, અબકે તૈયાર હોકે ઓ રનકો ચલા.

ચોક—૧

શાહ ઘોડેપર જબ અસવાર હુવા, જોકે કુરીઓમેં યે પુકાર હુવા
જરા દેખો ઇધરકુ નજરતો કરો, શાહા લડનેકોતો તૈયાર હુવા.
જબ હોને લગા વહાં શોરો સીતમ, ઓર રનમેંતો એસા ગુબાર હુવા
કોઇ તેગો તબરસે તો મારા ગયા, કોઇ શાહપે આકે નીસાર હુવા.
સબ બીબીયાં રોકે યે કહેને લગી, મેરે તીશને દહનપે કીયા આઇ બલા
કરબલાકી ઝમીપે વો ઇબને અલી, જબકે તૈયાર હોકે ઓ રનકો ચલા.

ચોક—૨

દીન તીનકે પીઆસે શહીદ હુવે, જરા કતરા ન પીનેકો પાની દીયા
અરે આગે બયાં મેં કરૂં તો કહાં, ઉને કોમે જફાનેતો ઘેર લીઆ
હાય જેનબો કુલસુમ કહેને લગી, મેરે બાગને દહનકો તો લુટ લીયા
કહે બાલી સકીના અએ કોમે જફા, મેરે બાબાકો નાહક હએ કતલ કીયા.
મેરે બાબાકી લાશ બતાદો મુજે, મેરે બાબાકા મેંતો ચુમુંગી ગલા
કરબલાકી ઝમીપે વોઇબને અલી, જબકે તૈયાર હોકે ઓ રનકો ચલા.

ચોક—૩

સર પીટકે બાનુ મે કહેને લગી, યે હોતા હએ કએસા શોરો સીતમ
મેરે બચ્ચેકુ તુમને યતામ કીએ, જરા ખાયા ન કુરીઓ તુમને રહમ.
યેતો ખાસે નબીકે નવાસે મીઆં, ઉસકે સરકોતો તુમને કાપા લો કલમ
જરા ખોફે ખુદાસે ડરો તો સહી, કયું કરતે હો ઇતના જોરો જુલમ.
જબ હલકપર ઉસકે ખંજર ચલા, ઉસકા લાશા ઝમીંપે જા તલમલા
કરબલાકી ઝમીંપે વો ઇબને અલી, જબકે તૈયાર હોકે ઓ રનકો ચલા.

ચોક—૪

કહે દાસ અમર મેં કરૂં કયા જીકર, મેરી આગે જબામેં તો તાબ નહીં
કહે લાલ યે મનનું સુનો સહી, હુએ અએસે ન હોગે જનાબ નહીં.
બસા આગે મેં લીખું તો કહાં, મેરે આગે તો કોઇ કીતાબ નહીં
યે હુસેનકે છંદ સદા હુએ નહીં, મેરે છંદકા મીલતા જવાબ નહીં.
કરબલામેં તો હોના શહીદ મેરે, એ મેરી તો હરદમ એહી હુએ સલા
કરબલાકી ઝમીંપે વો છબને અલા, જબકે તઇયાર હોકે ઓ રનકો ચલા.

——:o:——

રંગત લંગડી—ખ્યાલ માઇ હજાનીનો.

માઇ હજાનીકા યે જહુરા દેખા સબોંને હાલ હજુર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ચોક—૧

ઉસ બીબીકી કહું હકીકત શીતપોરકો રહેનેવાલે
હજ કરનેકો=ચલે મકેકું સુનો ઉસકા હાલે
ખાના પીના લીઆ સંગમેં ઓર લીયા સંગ ધન માલે,
પાક જાત થે=નમાજી થે વો ખુદાકે થે લાલે.
શેર—દાખીલ હુવે વો બીબીઆં મકેમેં એકબારજી
હજ કરકે માંગે દોઆ બકશે ગુના ગફારજી
કરકે હજ આતેથે વો બીબીઆં હીંદુસ્તાનમે
જાઝકો તુફાં લગા ઓર હો ગએ લાચારજી
જો ચાહે વો ખુદા કરે ઓર કીસીકી હએગી મકદુર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ચોક—૨

જાઝતો સારા ટુટ ગયા ઓર મુલકે અદમ પોંચે દીલદાર
મા ઓર બેટી=એક તખતેપે નીકલેથે ગુજરાતજી
માછીઓને દેખા તખતા ઓર કીયા સબને યું પુકાર
ખીંચકે લાવે=દસી તખતેકો ચલો સબ મીલકે યાર.
શેર—બેઠકર મઝવેમેં માછી રૂબરૂ જાને લગે
હાથ આતા નહી વો તખતા બહોત ધબરાને લગે
જબ કહા માછીયોને યે જહુરા હુએ અજબ
થકકે માછી પીછે આએ બહોત પસતાને લગે
ચાંદસા ચહેરા ચમક રહાથા ઉસ બીબીકા એસા નુર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ચોક—૩

એક માછીકુ હુઇ બશારત માયા માછી થા ઉસકા નામ
ઉસ બીબીને ખાબમેં આકે હકીકત કહી તમામ
જાઓ તુમ ગનદેવીકો જાં મુલ્લા તાજખાનજી રહે મુદામ
ખુદા વાસતે હમારા જાકે ઇતના કરના કામ.
શેર—બાંધી કમર માછી ગનદેવીકું આ ગયા એક આનમેં
સબ હકીકત કહે સુનાઇ મુલ્લા લાએ ધીઆનમેં
ઓર કહા મુલ્લાને સુન લો મેરી યે બાતકો
ખાબ હમકોભી મીલા કુદરત હએ કયા સુબહાનમેં.
શેર લગે કરનેકો મુલ્લા સુનકર ઉસ બીબીકા ઝહુર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ચોક—૪

મુલ્લા તાજખાનકો વો માછી દાંદી ગામમેં લે આયા
દરીયા કીનારે=દેખા તખતા ઓર બહોત ગમકો ખાયા.
રોરોકે મુલ્લા કહેને લગે કયા ખુદાને યે દીન દીખલાયા
દુઆ મુખસેથી=માંગી તખતા તીર કરકે આગે આયા.
શેર—લાશપે સર રખકે મુલ્લાં આંસુ ટપકાને લગે
તાબો તાકત ગઇ બદનકી ઓર ઘબરાને લગે
લાશકો મુલ્લા ખુશબોસે જો નહલવાને લગે
આખરી યે હએ બયાં વાં ઉનકો દફનાને લગે.
અગર બયાં મેં જાદે કરૂગા તો ભુલુંગા શાનો શઉર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ચોક—૫

સુરત ઓર બમબાઇકે લોગો જીઆરત કરને આતે હએ
કબરપે ઊનકી=અપને સરકો વહાં જુકાતે હએ.
જો કોઇ મુરાદ માંગે દીલસે વો મુરાદકો પાતે હએ
અમરદાસભી=હરઘડી દીલ અપના યું બહલાતે હએ.
શેર—આગે બયાં મેં કયા લીખું દીલકો નહી આરામ હએ
રાતદીન ચુમુ કદમ ઉનકે મેરા યેહી કામ હએ.
ખીઆલ હએ મેરા નયા સુનતેહી સબ દંગ હો ગએ
મેરી જબાંપે હરઘડી હર લેંજે ઊનકા નામ હએ.
કહા ખીઆલ અબદુલહુસેનને બનાકે યારો યે મજકુર
જીયારત કરના=જુકાના સરકો મોમીનો તુમેં જરૂર.

ખયાલ.

મસ્ત હુવે મસ્તીમેં સનમકી લીખા નામ મસ્તાનેમેં
ભરકે જામ એક મીલા મુકદદર ખુલા મેરા મેખાનેમેં.

ચોક—૧

વો મેરે મહેબુબને મુજકો ભરકે જામ પીલાયા હએ
દીલ મેરા મસ્તાના હુવા ઓર ઉસીસે દીલ લગાયા હએ.
દરદોગમ સબ ભુલ ગયા ઓર હુવા ઉસીકા સાથા હએ
જીસને પીયા મસતીકા પીયાલા વોહી મસ્ત કહેલાયા હએ.
નામે ખુદાપે રખદે ભરોસા ક્યું ભટકે તું જમાનેમેં
ભરકે જામ એક મીલા મુકદદર ખુલા મેરા મેખાનેમેં.

ચોક—૨

કોઇ તો કહેતા પીપીકે પીયાલે કહેતે હમ દીવાને હએ
કઈ એકતો મસ્તીમેં મસ્ત હયં કહેતે હમ મસતાને હએ.
ખતરા જરા ના મીલાલો ઉસકો કરતે ખાલી બહાને હએ
જીસને લબાલબ પીએ હએ પીયાલે વોહી ઉસે પેછાને હએ.
કયું ભુલા ફીરતા હએ મજા ઉસીસે હએ દીલકુ લગાનેમેં
ભરકે જામ એક મીલા મુકદદર ખુલા મેરા મેખાનેમેં.

ચોક—૩

કોઇ મુજે પાતા હએ યારો પડ પડકે કીતાબમેં
ઓર કોઇ પાતા હએ મુજે પીપીકે ઉસકી શરાબમેં.
જીસને પીયા શરાબકો ઉસકી પહોંચા આલી જનાબમે
ગુનેહ ઔર તકસીર ઉસકી કબ વો લીખતા હીસાબમેં.
બાંતોપર તું ખ્યાલ કર મેરે કયા ફાયદા સમજાનેમેં
ભરકે જામ એક મીલા મુકદદર ખુલા મેરા મેખાનેમેં.

ચોક—૪

જીસને પીયાલા પીયા અધુરા વો દુનયામેં રહા ખરાબ
ગુનેહગાર વો હુવા હએ રબકા ઓર રબસે ઉસકો અજાબ.
દુરગા ઠાકોરદાસ અમરને બનાકે તેરા કહા જવાબ
સુનકે ખીઆલ અબદુલહુસેનકા દુશમનકુ હુવા જુલાબ
બે તાલા બે સુરા બે ઢંગા મજા નહી કુચ્છ ગાનેમેં
ભરકે જામ એક મીલા મુકદદર ખુલા મેરા મેખાનેમેં.

———:o:———

ખયાલ.

ફીદા હુવા હું ઉસ દીલબરપે ઓર મેરે દીલજાનીપે
તન મન ધન કુરબાન કીયા હું વો મેરે લાસાનીપે.

ચોક—૧

માલ ખજાના છોડા મેને ઓર હુવા હું દીવાના
લમાકે દીલકું; ઉસ દીલબરસે ધ્યાન કરૂંગા મન માના
મએ મહોબતકી પીપીકે સદા રહુંગા મસતાના
હાલ ફકીરોંકા લે કરકે ફીરૂંગા બસતી વીરાના
તરક કીઆ હું સારા જમાના ધ્યાન લગા નુરાનીપે
તન મન ધન કુરબાન કીયા હું વો મેરે લાસાનીપે.

ચોક—૨

ઇસી તરેહસે હમને પ્યારા જાનો માલ નીસાર કીયા
આઠ પહેર દીન રેન ભલા લો ઉસ દીલદારસે પ્યાર કીયા
છોડી અમીરી કરી ગદાઇ ઓર ઉસે મુખતાર કીયા
ગલેસે હમને લગાયા ઉસકો ઓર ગલેકા હાર કીયા
નાદાં હું બે અકલ હું પ્યારે દેખ મેરી નાદાની પે
તન મન ધન કુરબાન કીયા હું વો મેરે લાસાનીપે.

ચોક—૩

હર સાઅત હરઘડી ઓર બની નામકુ તેરે ધ્યાતા હું
ધ્યાન તેરા હર વક્ત હએ મુજકુ ઓર ધ્યાન લગાતા હુ
હાસીલ હો દીદાર તેરા કબ મેં મીલનેકો ચહાતા હું
હીરસો હવા દુનીયાકી છોડ મેં નામકો તેરે ગાતા હું
કીઆ હશ્રત દુખ માલો જાનકો તેરી વો સુલતાનીપે
તન મન ધન કુરબાન કીયા હું વો મેરે લાસાનીપે.

ચોક—૪

શા અલી ઊસતાદ કહે બીન તેરે હમે કો હએ આરામ
દુરગા ઠાકોરદાસ અમરકી જબાંપે તેરા નામ મુદામ
વઝીર મનુલાલ કહે તું પીલાદે વહદતકા જામ
વોહી નશેમેં રહું ઓર ફીરૂ ભટકતા સુબહોશામ
હુસેન કહેતા કયા કોઇ કહેગા મેરે ખીઆલ હક્કાનીપે
તન મન ધન કુરબાન કીયા હું વો મેરે લાસાનીપે

———:૦:———

ખયાલ—શીકસ્તા.

ગશ્ર ખાકે કધ ગીરે જમીપે=ઔર દેખા તીરો કફન ગુલાબી
બદનકો તેરે જો જીસને દેખા=વેસા વો દેખા બદન ગુલાબી.

ચોક—૧

બડી જબ આંખે વો તેરી મેરી=તો દેખા લાલે રતન ગુલાબી
વો જો નયન દોનોંકો હીલાએ=હીલાયા ચરખે કોહન ગુલાબી
ઓ દોનું લબકો તુને હીલાએ=તો નીકલે શીરી સુખન ગુલાબી
વો હુસ્ન તેરા ગજબ હુવા હુએ=જો દેખે ગુનચે દહન ગુલાબી
ચાહામેં હુવા યુસુફ જબસે=વો દેખા ચાહા જકન ગુલાબી
બદનકો તેરે જો જીસને દેખા=વેસા વો દેખા બદન ગુલાબી.

ચોક—૨

લગે જખમપર જખમ જીગરપે—હુવાથા પએરહન ગુલાબી
ફીદા હુવા હું હુસ્નપે તેરે—તુ મીસલે બાગો ચમન ગુલાબી
શાનસે તેરે સના સીફત હય—લગાદે મુજસે લગન ગુલાબી
પોંચાદે મુજકો મુલકે અદમકો—વાં દેખું તેરા વતન ગુલાબી
જમાલ પાકે હુસ્ન શમાકા—વો મીસલે મુશ્કે ખતન ગુલાબી
બદનકો તેરે જો જીસને દેખા— વેસા વો દેખા બદન ગુલાબી.

ચોક—૩

હુએ દો જહાંકા સરવરેદીં—ઔર હુએ શાહે ઝમન ગુલાબી
કીસીકો મારે કીસે જીલાવે—કરે વો અમનો અમન ગુલાબી
સીતમભી દેખા રહમભી દેખા—રહમસે દેખા ચમન ગુલાબી
મોતો જીંદગી હુએ હાથ ઉસકે—ઔર વો મેરા સહન ગુલાબી
ઢુંઢતા ફીરતા હું મેં ઉસીકો—કહાં હુએ મેરા સજન ગુલાબી
બદનકો તેરે જો જીસને દેખા—વેસા વો દેખા બદન ગુલાબી.

ચોક—૪

શા અલી ઉસતાદ અમરકા=યે હુએ ઉસકે બચન ગુલાબી
વજીર મનનુ કહે સભામેં=કહાંસે લાવો વજન ગુલાબી
મોઅઝમ મીસરા હુએ ચુસ્ત મઝમું=બનાકે ગાવે હુસેન ગુલાબી
અબ ચુપકે ચુપકે યહાંસે બાગો=સભામેં આયા બબન ગુલાબી
દાઉદ આશક કહે ઘડી હું=મીલેગા કબ મનમોહન ગુલાબી
બદનકો તેરે જો જીસને દેખા=વેસા વો દેખા બદન ગુલાબી.

——:o:——

ખયાલ-શીકસ્તા.

ઉઠા નીંદસે ખુશી જો અખ્યિ=ચનમકા દેખા બદન ગુલાબી
ન તાબ્યા તાકત રહીથી ઉસકો=જો દેખા બાગે રતન ગુલાબી.

ચોક—૧

પાનકુ ચાબા વો મુખ કે મીયાં=વો નીકલે શીરીં સુખન ગુલાબી
વો હસતે હસતે જો આંખે લડ ગઇ=નજરમેં આએ દહન ગુલાબી
ચાહમેં ડુબે હુએ કઇ આશક=વો દેખ ચાહા જકન ગુલાબી
ગલા સુરાઇ જો દેખા ઉસકા=તો ભુલા અપના ચલનં ગુલાબી
સના સીફત કયા કરૂં મેં ઉસકી=વો ચહેરા શાહે ઝમન ગુલાબી
ન તાબ્યા તાકત રહીથી ઉસકો=જો દેખા બાગે રતન ગુલાબી.

ચોક—૨

પોશાક પહેની જો ઉસને રંગી=ઓર હુએ મુશકે ખુતન ગુલાબી
ન ચેન પડતી હય મુજકો યારો=વો એસી લગ ગઇ લગન ગુલાબી
દસતોંમેં મેંદી લગાકે પ્યારા=વે દેતા સબકો બચન ગુલાબી
ફીદા હું મેંભી ઉસીપે યારો=વો દોજહાંકા સહન ગુલાબી
મકાં હય ઓર વો લામકાં હય=ઓર વો ચરખે કોહન ગુલાબી
ન તાબ્યા તાકાત રહીથી ઉસકો=જો દેખા બાગે રતન ગુલાબી.

ચોક—૩

ગશકો ખાકે ગીરે ઝમીપે=જો દેખા તેરા ચમન ગુલાબી
મીલા ન મુજકો કહાંપે ઢુંડું=વો મેરા યારો સજનં ગુલાબી
ઝખમ લગે હુએ જીગરપે મેરે=ગયા મેરા મન મોહન ગુલાબી
ચુર હુવે ઊસ ઝખમોંસે યારો=ઓર હુવા પએરહન ગુલાબી
ખુનમેં તર હો ગયે ઝખમસે=મીલા ન લાલે યમન ગુલાબી
ન તાબ્યા તાકાત રહીથી ઉસકો=જો દેખા બાગે રતન ગુલાબી.

ચોક—૪

શા અલી ઉસતાદ અરબશા—અમરકા સુનલો સુખન ગુલાબી
અલી મહમદકા ખ્યાલ મોજું—વો રહે ઇસમેં વઝન ગુલાબી
હુસેન આશક બનાકે ગાતા—હય શેર સુરત વતન ગુલાબી
ઇસુફઅલી યું કહે હય યારો—કહાં હુએ તેરા બબન ગુલાબી
જરા ખુશીસે હસે વો દીલબર—તો દેખું ઉસકે દહન ગુલાબી
ન તાબ્યા તાકત રહીથી ઉસકો—જો દેખા બાગે રતન ગુલાબી.

——:૦:——

રંગત લંગડી—ખયાલ.

સુના સીફ્ત હરઘડી જબાંસે મેરે રસુલીલ્લાહકી હય
અગર સુનો તો=સુનાવું સીફ્ત કલામુલ્લાહકી હય.

ચોક—૧

ખાસ પયમ્બર હુવે હય ખુદાકે દીયા ખુદાને ઉસકો નુર
દોજહાંનમે=ઉસીકે નુરસે યારો હુવા જહુર
ઓર ઉસીકે નુરસે પીયારે બને મલાએક પરીએ હુર
સાની ઉસ્કે=કોઇ કયા પોંહચે ઉસ્કી કયા મગદુર.
શેર—દે દી ઉસકો બો ખુદાને દોજહાંનકી સરવરી
યાદ હય મેરી જબાંપે ઉસ્કી યારો હરઘડી
હમસર હુવા વોહ દોજહાનકા અએસા ના કોઇ હમસરી
આગે ઉસકે સર ઝુકા ચુમે કદમ જીન્નો પરી
વખત કુરાન પડનેકે અવ્વલ સુરત બીસમીલ્લાહકી હય
અગર સુનો તો=સુનાવું સીફ્ત કલામુલ્લાહકી હય.

ચોક—૨

મુહમ્મદ મુસ્તફા આખરી હુવે દોજહાંનકે સરદાર
હમભી ઉસપર=લાએ ઇસલામ કીયા ધક સરકો નીસાર
જમીં ઓર આસમાંકે ઉસકો કીએ હય ખાલીકને મુખતાર
સારે ફરીશ્તે=મલક રીજવાના ઉસ્કે તાબેદાર
શેર—શાનો શોકત તુજમે હય અએસા ના કોઇ શાનમે
સબ જહુરા હય ભરા તેરે વોહ દીન ઇમાનમે
હરઘડી મેરી નજરમે તું હય મેરે ધીઆનમે
ચાહે તું દુનીયાકો કરદેવે ફના એક આનમે
જો ચાહે સો કરે વોહ સબ કુદરત હક ઉલ્લાહકી હય
અગર સુનો તો=સુનાવું સીફ્ત કલામુલ્લાહકી હય

ચોક—૩

અએસે પયમ્બર હુવે જહાંનમે મોજીજે દીખલાએ
ખાસ ખુદાસે=ખુદાસે અપના વોહ રૂતબા પાએ
કીયા દીન ઇસલામકો રોશન નબી મુસ્તફા કહેલાએ
લાખો કામકો=કીએ વોહી કામકો બર લાએ
શેર—જો હુવે સરવર વોહી પીર કઓનસા સરવર હુવા
દીન ઓર દુનીઆમે યારો સબકા વોહ અફસર હુવા

જો કે ઉસમે અનવરી ફીર કર્બઆનસા અનવર હુવા
સબકા તું વાલી હુવા ઓર મઐં તેરા કમતર હુવા
સના મેં આગે કરૂં કીસ તરેહ સના વલી ઉલ્લાહકી હય
અગર સુનો તો=સુનાવું સીફત કલામુલ્લાહકી હય

ચોક—૪

શાહ અલી ઉસ્તાદકે સરપે ઉસીકા હય લો ફઝલો કરમ
અમરદાસજી=કહે તું દીખાદે અપના હઐરા હરમ
જીવા ગોપાલ અલી મહમ્મદ યાદમેં ઉસ્કી હય હરદમ
મન્નુલાલભી=ઉઠા બઐઠે હય સરપે તેરા ગમ
શેર—આગે બયાન મઐં કયા કરૂં યારો મેરે વોહ યારકા
કુચ્છ બયાન હોતા નહીં પીઆરે મેરે દીલદારકા
દીલ સદા હઐરાન રહેતા હય તેરે ગમખારકા
કબ મઐં દેખુગા મકાન મેરે ગુલેઝારકા
કીયા ખયાલ અબ્દુલહુસેનને ખાકે કસમ વલ્લાહકી હય
અગર સુનો તો=સુનાવું સીફત કલામુલ્લાહકી હય

***

પેહેલો ભાગ સમાપ્ત.

એમ. એચ. મેહેરઅલીના પુસ્તકોનું લીસ્ટ.

વગર ઉસ્તાદે વાજીંત્ર વગાડવાને શિખવાના શુદ્ધ પુસ્તકો-	રૂ.	આ.
હારમોનિયમ ચાવી-બુક, ભાગ ૧-૫ (આખા સટના રૂ. ૨।) દરેકના...	૦	૧૦
,, ,, (ત્રણ ભાગના રૂ. ૧।। ચાર ભાગના રૂ. ૨)		
એકાર્ડીયન ચાવી-બુક ભાગ ૧-૬ (આખા સટનો રૂ. ૧।) દરેકના...	૦	૫
ફિડલ ચાવી-બુક-ભાગ ૧-૩ (આખા સટનો રૂ. ૦।।।) દરેકના ...	૦	૫
કનસર્ટીના ચાવી-બુક ભાગ ૧-૬ દરેકના	૦	૫
,, ,, ભાગ ૧-૬ સાથે પાકા કપડાના પુઠાથી બાંધેલા...	૧	૪
કનસર્ટીના ચાવી-બુક બેઉ હાથની ચાવીની નોટવાળી	૦	૪
ઉસ્તાદે કનસર્ટીના-ઉરદુ ઝબાન અને ઉરદુ હરફોમાં	૦	૪
વિદ્યા હુન્નરના પુસ્તકો—		
વેપારની કુંચી ભાગ ૧-૧૦ સંપૂર્ણ દરેક ધંધાદારી તથા મેતાજી માટે...	૧	૮
હુંડી ગણિત દર્પણ-પૌંડના રૂપીઆ અને રૂપીઆના પૌંડ. ૦)। આનાના ચડતા ભાવે ચાલુ હુંડીના તૈયાર હીસાબ	૧	૦
વ્યાજના શર દર્પણ	૨	૦
યુનાની ટેબલ—હકીમું, દરેકને અગત્યનું પુસ્તક (ગુજરાતીમાં) ...	૦	૪
જંગબારી ભાષા (ગુજરાતીમાં) જંગબાર તરફ જનારાઓ માટે ...	૦	૬
ચીનની મુસાફરી ભાગ ૧-૮ ચિત્રો સાથે પાકું પુઠું (કીં. રૂ. ૧૦)ના...	૨	૦
સ્ત્રી સંસાર ઉપયોગી રત્ન, દરેક સ્ત્રી પુરૂષને વાંચવા લાયક. ...	૧	૦
તરેહવાર ગાયનના શુદ્ધ પુસ્તકો—		
બહારે કલગી ગાયન ઉરદુ તથા ગુજરાતી ખ્યાલોનું ૧૬૦ પાનાનું પુસ્તક.	૦	૫
દીવાને કાસમ ૪૫૦ પાનાનું ગાયન પુસ્તક (આવૃતિ બીજી)... ...	૧	૦
બુલબુલી ગાયન ચુંટી કાઢેલા તરેહવાર ગાયનો (આવૃતિ ત્રીજી) ...	૦	૩
ગાયન સંગ્રહ એમાં ગાયન રાગ તાલના ખરા નામ સાથે. ...	૦	૩
લોકપ્રિય ગાયન સંગ્રહ (આવૃતિ સાતમી) ભાગ ૪ના ૦।= દરેકના ...	૦	૨
ગઝલ સંગ્રહ (આવૃતિ ત્રીજી) ભાગ ૧-૨ દરેકના	૦	૨
ઠુમરી સંગ્રહ (આવૃતિ ત્રીજી) ૨૦૦ ઠુમરી વગેરે ગાયનો... ...	૦	૨
ગઝલે હક્કાની (આવૃતિ બીજી) ઇશ્કે હકીકીના મારફતી ગઝલો શેર સાથે.	૦	૨
કલગી ગાયન સંગ્રહ (આવૃતિ ત્રીજી) ભાગ ૪ ના ૦।= દરેકના ...	૦	૨
ચરાગે ગુલશન હાલમાં ગવાતા ગઝલ, ઠુમરી, લાવણી, ધ્રુપદ વગેરે...	૦	૨
સયરે ગુલશન ,, ,, ,, (આવૃતિ બીજી ભાગ ૧-૩ સાથે)	૦	૨
આઈયામે અશરત ,, ,, ,, ધ્રુપદ વગેરે (આવૃતિ બીજી)...	૦	૨
શરબતે ગઝલ (આવૃતિ ચોથી) ભાગ ૧-૨ દરેકના	૦	૨
ગુલશને રાગ (આવૃતિ ત્રીજી) ભાગ ૧-૨ દરેકના	૦	૨

એ[illegible] પુસ્તકોનું લીસ્ટ પાનું ૨	રૂ.	આ.
ગુલઝારે [illegible] ગ ઇંટકી ગઝલો, ઠુમરી, ખ્યાલ, ટપ્પા વગેરે... ...	૦	૨
રાગમાળા (આવૃત્તિ બીજી) રાગ તાલના ખરા નામ સાથે. ...	૦	૨
હોરી સાગર દીલખુશ હોરીઓનો સંગ્રહ	૦	૨
ગુલે બહાર (આવૃત્તિ બીજી) કલગી લાવણીઓનો સંગ્રહ. ...	૦	૨
બાગે બુલબુલ (આવૃત્તિ ત્રીજી) તરેહવાર ગઝલ ઠુમરી વગેરે. ...	૦	૨
વાર્તાના તથા બીજા ઉપયોગી પુસ્તકો—		
અરેબિયન નાઇટસ, નવા ચિત્રોવાળી બેઉ ભાગ સાથે (આવૃત્તિ બીજી)...	૧	૮
કલજુગના કૌતક. ૩૦ ચિત્રો, સાથે ૩૦૦ પાનાનું ગીલટેડ પુઠાનું ચાનક આપનારૂ રસીક પુસ્તક	૧	૦
કાસમ સંગ્રહ ૨૦ ચુંટી કાઢેલી રમુજી બોધકારક વાર્તાઓ (આવૃત્તિ બીજી).	૦	૮
રમુજી કહેવતો, ૧૦૦૦ રમુજી કહેવતો અને દોહરા (આવૃત્તિ બીજી) ...	૦	૨
નસીહ[illegible]તો, ૧૨૦૦ બોધકારક કહેવતો અને દોહરા ...	૦	૨
સીકંદર [illegible] સીકંદરની વારતા	૦	૨
ગજરા [illegible]ની વારતા ચિત્ર સાથે (આવૃત્તિ બીજી)	૦	૧
વાજીંત્ર [illegible]ક, નાનાભાઇ દામોદરની ભામ ૧ લો	૧	૦
નાટકના (ભાષણ સહીત) પુસ્તકો –		
નંદબખતનું - વિકટોરીઆ ના. મં. બાલીવાલા (કીં. રૂ. ૦ાા ના) ...	૦	૪
હક ઇનસાફ " " " " " "	૦	૪
ભોલી ગુલ—આલફ્રેડ ના. મં. ખટાઉ (કીંમત રૂ. ૦ાા ના) ...	૦	૪
હોમલા હાઉ " " " " " " "	૦	૪
સુભદ્રા હરણ " " " " " " "	૦	૪
અલાદીન (અલાબો ગરીબ ચરાગ) " " " " "	૦	૪
ગુણસુંદરીના ગાયનો-વિકટોરીઆ ગુ. ના. મં. બાલીવાલા. ...	૦	૨
તાલસમ તૈમુરના ગાયનો (આબે ઇબલીસ) આલફ્રેડ (કીં. ૦)॥ ના)...	૦	૨
વખતસીંહના ગાયનો-સ્વદેશ ગુજરાતી ના. મં. (કીં, ૦)= ના)...	૦	૧
સીકંદર બાદશાહનો આખો નાટક ૩ અંકી (કીં. રૂ ૦ા ના) ...	૦	૨
ચંદ્રહાસ અને ચંદ્રકળા આખો નાટક ૭ અંકી (કીં. રૂ ૦ાાા ના)...	૦	૬

ઉપલા સર્વે પુસ્તકો ઉપરાંત બીજા દરેક જાતના પુસ્તકો તથા કોઇપણ તરેહની ચીજો અને તેને લગતા સામાન માટે નીચેના સરનામે લખેથી દરેક માલ તપાસી કીફાયતે મોકલશું.

સરનામું—

અલાદીન એમ. એચ. મેહેરઅલી


પુસ્તકો વેચનાર અને જોઇતી ચીજો કીફાયતે મોકલનાર

ડુંગરી બજાર—ભીમપુરા પાસે-મુંબઇ.

વગર ઉસ્તાદે વાજીંત્ર વગાડવા શીખવું હોય તો એમ. એચ. મેહેરઅલીનું જ વાજીંત્ર-પુસ્તક લેજો, કે જેમાં યુરોપિયન મ્યુઝીક નોટસ જેમબાર્સથી આપવામાં આવે છે તે ધોરણે, છંદ શાસ્ત્રના નિયમે, સરવે નોટ આપેલી છે, જેથી નવો

કોઈબી તરેહનું નવું અથવા સેકંડ હૅંડ હારમોનીયમ, ફીડલ, એકૉર્ડીયન, કનસર્ટીના અથવા કોઈબી તરેહનું વાજીંત્ર અને દરેક જાતની ચીજો મુંબઈથી મંગાવવી હોય તો નીચેના સરનામે લખેથી સારો માલ તપાસી કીફાયતે લઈને મોકલીશું.

કમીશન કીંમતના પ્રમાણ મુજબ જુજ લેશું.



અલાદીન એમ. એચ. મેહેરઅલી

પુસ્તકો વેચનાર અને જોઈતી ચીજો કીફાયતે મોકલનાર

ડુંગરી બજાર-ભીમપુરા પાસે,—મુંબઈ.

શીખનાર તરત શીખી શકે છે. યાદ રાખવું કે એ ધોરણ બીજા કોઈનાબી પુસ્તકમાં નથી માટે હરેક પુસ્તક ઉપર **એમ. એચ. મેહેરઅલી** નામ તપાસીને લેજો.

નફા ટોટા, પ્રમાણ
મિશ્રરાશી વગેરે હિસાબ
દાખલા સાથે.

જુદા જુદા તોલના ને હિસાબ
તૈયાર કીધેલા કોઠાઓ.

હુંડીઓ અને વ્યાજના તૈયાર કીધેલા
કોઠાઓ.

તોલ અને મેજરના હિસાબો અને
ચોખ્ખનો દન પ્રમાણનો કોઠો.

તારના સંદેશા
તારના પાકો તેના
સાથે.

ગુજરાતી નામું શીખવું કે
આસાનીથી આવડી
સમજુતી દાખલા અને

ઉપરાંત સંખ્યાબંધ બાબતો **'વેપારની કુંચી'** માં સમાવેલી
